# શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ,મુંબઈ.

## વ્યાખ્યાનમાળા - ૨૦૨૨/૨૩

## જૈન ધર્મના વૈજ્ઞાનિક સત્યો/તથ્યો અને તેનું વ્યવહારિક જીવનમાં અનુસરણ

## વ્યાખ્યાન-૨ આજના યુગમાં વિજ્ઞાનનું મહત્વ

વ્યાખ્યાતા- આચાર્ય  શ્રી નંદિઘોષસૂરીજી મહારાજ

તારીખ – ૧૬/૧૨/૨૦૨૨

વિજ્ઞાનનો અર્થ સામાન્ય રીતે આપણે સાયન્સ કરીએ છીએ પણ સંસ્કૃત ભાષામાં સાયન્સના સિસ્ટમ ચ જ્ઞાનમ- વિશિષ્ટ જ્ઞાન એનું નામ વિજ્ઞાન કરવામાં આવે છે. આ પ્રાચીન છે શાસ્ત્ર છે એ પ્રાચીન શાસ્ત્રમાં પણ વિજ્ઞાન એ વદેલું છે. એટલા માટે પ્રાચીન શાસ્ત્ર પણ આપણા માટે વિજ્ઞાન જ છે. વિજ્ઞાન મૂળ તો સત્યનું પક્ષવાદી છે. જૈન દર્શન પણ સત્યનું જ પક્ષપાતી છે. આ રીતે જોવા જઈએ તો વિજ્ઞાન અને જૈન દર્શન, વિજ્ઞાનને જૈન દર્શન ના વચ્ચે આપણને અભેદ સમજાવવાનું છે. અભેદ માનવાનું છે એટલું જ નહીં પણ અભેદ સમજવાનું પણ છે.

આ શ્રુતજ્ઞાનની પરંપરા સમગ્ર મહાવીર પરમાત્મા થી શરૂ થઈ છે અને શ્રુતજ્ઞાનની પરંપરા અર્થથી અને સૂત્રથી તીર્થંકર પરમાત્મા અર્થથી દેશના આપે છે અને ગણધર ભગવંતો તે દેશનાને સૂત્રબદ્ધ કરે છે. તે ગણધર ભગવંતો શ્રુતજ્ઞાન ને સૂત્રબદ્ધ કર્યું અને પંચમ ગણધર સુધર્મા સ્વામી. જે દ્વાદાશાંગી છે એ ની પરંપરા 980 વર્ષ સુધી કંઠસ્થ રહેતી આવી છે અને 980 વર્ષે દેવાધીગણી ક્ષમાશ્રમણ એ દ્વાદશાંગી છે એ દ્વાદશાંગીને સૂત્રબદ્ધ કરી છે. તો આ રીતે દેવાધીગણી ક્ષમાશ્રમણ એ લિપિબદ્ધ કરી એટલે તાડપત્ર ઉપર લખાયું છે. આ સૂત્રોની પરંપરા પંચમ ગણધર સુધર્મા સ્વામી પાસેથી જંબુ સ્વામી પાસે આવી, જંબુ સ્વામી પાસેથી પ્રભવસ્વામી પાસે આવી, પ્રભવસ્વામી પાસેથી સ્વયંભૂસુરીશ્વરજી મહારાજ પાસે આવી. તો આ રીતે શ્રુતજ્ઞાનની પરંપરા શાસન સમ્રાટ આચાર્ય શ્રી વિજય નેમિ સૂરીજી મહારાજ જે સુધર્મા સ્વામીની 74મી પાટી એ થયા એમની સુધી આવ્યું.એટલે એ શાસન ભગવંતના પટ્ટ

ધર આચાર્ય ભગવંતના સૂર્યોદય સૂર્ય મહારાજ એમના પટ્ટધર નંદન સૂરીજી મહારાજની અષ્ટ મહાવીર દીક્ષા થઈ. એ નંદન સૂરીજી મહારાજ સુધી આગમોની પરંપરા આવી. આ બાજુ શાસન સમ્રાટ નિમિત્વ સુરીજી મહારાજના ના પટ્ટધર આચાર્ય યશોવિજે સૂરીજી મહારાજ એમના પટ્ટધર આચાર્ય વિજય શુભંકર સુરીજી મહારાજ અને એમના પટ્ટધર  તરીકે આચાર્ય સૂર્યોદય મહારાજ, જે મારા ગુરુ ભગવંત હતા. એમના થકી આ આગમની પરંપરા આવી અને એમની પાસેથી આગમ નું જ્ઞાન પ્રાપ્ત થયું. આચાર્ય શિલચંદ્ર સુરીશ્વરજી મહારાજ પાસે મારા વ્યાકરણનો અભ્યાસ અને આગમોનો અભ્યાસ થયો. તો આ રીતે આચાર્ય ભગવંત  સૂર્યોદયજી મહારાજ સાહેબ, આચાર્ય ભગવંત શિલચંદ્ર સુરિજી મહારાજ અને વડીલ ગુરુબંધુ વજ્રસૂરીશ્વરજી મહારાજ પાસેથી આ જ્ઞાનની પ્રાપ્તિ થઈ અને એ જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી આજે દર્શન અને અને વિજ્ઞાન ઉપર  નું સંશોધન ચાલુ કરવામાં આવ્યું. તો આ રીતે જૈન દર્શન અને વિજ્ઞાન નો મારો અભ્યાસ ચાલુ થયો અને આ જે કાર્ય છે એ કાર્ય ની અંદર આ ત્રણેય ગુરુ ભગવંતો ના આશીર્વાદ પ્રાપ્ત થયા છે

અધ્યાત્મ અને દર્શન

ભારતીય સંસ્કૃતિમાં કોઈપણ આધ્યાત્મિક પરંપરાના કોઈપણ વ્યક્તિ આદ્ય સ્થાપક હોય છે અને તે આદ્યસ્થાપક નો ઉપદેશ અથવા વિચારધારા તે પરંપરાનું મૂળ હોય છે. દરેક પરંપરા પોતાના અધ્યક્ષ સ્થાપક ને આપ્ત અર્થાત પોતાને પ્રિય વ્યક્તિ તરીકે સંબોધે છે અને તેના ઉપદેશ સ્વરૂપ વાક્યને કોઈપણ જાતની દલીલ વગર સ્વીકારે છે તેથી જ ન્યાયાયિક દર્શનમાં કહ્યું છે કે આપતા વાક્યમ ચ પ્રમાણમ.આપ્તનું જે વાક્ય છે એને કોઈપણ જાતની દલીલ વના સ્વીકારવામાં આવે છે. દરેક પરંપરામાં આ રીતે કોઈ આદ્ય પુરુષ હોય છે.

આધ્યાત્મ અને દર્શન બંનેમાં ભેદ હોય છે તફાવત છે

આધ્યાત્મિક પરંપરા એ આગળ જતા પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા અન્ય આધ્યાત્મિક પરંપરાના વાહકોની સાથે વિચાર વિનિમય અથવા ચર્ચા કરવી પડે છે. આ ચર્ચાને પ્રાચીન કાળમાં શાસ્ત્રાર્થના નામે ઓળખવામાં આવતી હતી. આ રીતે વિભિન્ન આધ્યાત્મિક પરંપરાના નિષ્ણાંતો વચ્ચે થતા શાસ્ત્રાર્થમાં તર્કની મુખ્યતા રહેતી હતી અને તે તાર્કિક દલીલોના આધારે દાર્શનિક સિદ્ધાંતોનું સ્વરૂપનું નિર્માણ થતું જે આગળ જતા દર્શન સ્વરૂપે પ્રસિદ્ધિ પામ્યું.

આધ્યાત્મમાં માત્ર આત્મિક અનુભવની વાતો જ હતી અને હોય છે જ્યારે દાર્શનિક સિદ્ધાંતોમાં તર્કની મુખ્યતા હોય છે, લોજીક મુખ્ય હોય છે. લોજીકને જૈન દર્શન માન્ય કરતું નથી અમુક અંશે. એ કઈ રીતે માન્ય નથી કરતું એ આગળ બતાવવામાં આવશે એટલે આ બધા અધ્યાત્મના અનુભવો એ અનુભવોની વાતને સામાન્ય રીતે આપણે અતિન્દ્રિય જ્ઞાન તરીકે ઓળખી શકીએ છીએ. જ્યારે દર્શનની અંદર એટલે કે ફિલોસોફી ની અંદર દાર્શનિક સિદ્ધાંતોનું નિરૂપણ કરવામાં આવે છે અને તર્કના આધાર પર સિદ્ધ કરવામાં આવે છે. તો આ રીતે અધ્યાત્મ અને દર્શન પહેલા અધ્યાત્મ હોય છે અને અને પછી દર્શન એમાંથી ઉત્પન્ન થાય છે, તો આ રીતે અધ્યાત્મ અને દર્શન અધ્યાત્મએ અહીં મૂળ છે અને દર્શન એની શાખા સ્વરૂપ છે.

પ્રાચીન ભારતની આધ્યાત્મિક તથા દાર્શનિક પરંપરા પ્રાચીન ભારતીય દર્શન ની વાત કરીએ પ્રાચીન ભારતમાં ષડ દર્શન હતા. અહીં બતાવવામાં આવ્યું છે. What are six philosophical schools of Hinduism? Hindu philosophy encompasses the philosophies,world views and techings of Hinduism that emerged in encient india.these include six systems- sankhya, yoga,nyay,vaisheshik,mimansa and Vedanta. આ રીતે ગુજરાતીમાં સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેશિક, મીમાંસા અને વેદાંત. ન્યાય સાંખ્ય યોગ વૈશ્વિક પૂર્વની માનતા અને ઉત્તરમીમાંસા વિમાનસાને વેદાંત પણ કહેવામાં આવે છે. તે આ છ દર્શનને પ્રાચીન કાળમાં આસ્તિક દર્શન કહેવામાં આવતા હતા. એટલે હવે આપણને એ પ્રશ્ન થાય કે આ છ દર્શન ની અંદર બૌદ્ધ દર્શન અને જૈન દર્શન તો આવ્યું જ નથી. હા તો એ વાત સાચી છે કારણ કે પ્રાચીનકાળમાં હિન્દુ પરંપરામાં જે છ દર્શનો છે. એમાં જૈન દર્શન અને બૌધ દર્શન નો સમાવેશ થતો નથી એ આગળ બતાવવામાં આવશે

વૈશ્વિક દર્શન એના મૂળ આદ્ય પુરુષ છે કનાડ. ન્યાય દર્શનના આદ્ય પુરુષ છે ગૌતમ. ગૌતમ ઋષિ એ ગૌતમ સ્વામી અને ગૌતમ બુદ્ધ કરતા અલગ છે. બુદ્ધદર્શનના પ્રણેતા ગૌતમ બુદ્ધ હતા જ્યારે જૈન પરંપરામાં મહાવીર પરમાત્મા હતા અને એમના પ્રથમ શિષ્ય ગણધર ગૌતમ સ્વામી હતા. એટલે આ રીતે ત્રણે ગૌતમ અલગ અલગ હતા. યોગ દર્શનના પ્રણેતા પતંજલિ છે. સાંખ્ય દર્શન ના પ્રણેતા કપિલ છે. વેદાંત દર્શન એટલે કે ઉત્તરમીમાંસા ના પ્રણેતા વેદવ્યાસ છે અને મીમાંસા એટલે કે પૂર્વ મીમાંસા એના એના પ્રણેતા જૈમીની છે. આ રીતે છ દર્શન અને એમના પ્રણેતાની વાત અહીં કરવામાં આવી છે. આ રીતે છ દર્શન માં

વેદાંતની અંદર શાસ્ત્રનો વેદાંતનો સમાવેશ થઈ જાય છે. આ રીતે છ દર્શન નું હિંદુ પરંપરામાં મહત્વ બતાવવામાં આવ્યું છે.

આ છ દર્શન ની અંદર કહેવામાં આવ્યું છે કે આ દર્શન તર્કના આધાર પર બનાવેલા છે એટલે ચોક્કસ પ્રકારની સિસ્ટમને અનુસરે છે. આધ્યાત્મિક અનુભવ અને એના નિષ્ણાંત પુરુષ જે આદ્ય પુરુષ કહ્યા એને અનુસરનારા હોય છે. આપ્ત પુરુષના આધારિત હોય છે. સંતો મહાત્મા અને ઋષિઓ જેવો ને આંતરસ્ફૂરણા અથવા અતીન્દ્રિય અનુભવ થયો હોય તેવો વિવિધ પ્રકારના દર્શનના ઉદગાતા છે છે એટલે વિવિધ પ્રકારનું દર્શન આ પ્રકારના સંતો ને ઉત્પન્ન થતું હોય છે. વિવિધ પ્રકારના દર્શનનો આધાર મોટેભાગે શ્રુત અથવા વેદ છે. જેઓએ હોય ઉપનિષદનો અભ્યાસ કર્યો હશે તેઓને ખ્યાલ આવશે કે દાર્શનિક સિદ્ધાંતો શ્રુતિ અને વેદોને અનુસરે છે એટલે કે હિંદુ પરંપરાના આ  છ દર્શન શ્રુતિ અને વેદ એ બંનેને અનુસરનારા હોય છે. એટલે આ હિન્દુ પરંપરાના છ દર્શન છે એ  દર્શનનો અભ્યાસ જૈન સાધુઓ માટે આવશ્યક હતો. એનું કારણ આગળ બતાવવામાં આવશે એટલે અહીં છ દર્શન ની વાત કરવામાં આવી છે.
સામાન્ય રીતે આપણી સમજ એવી છે કે જે દર્શન આત્મામા ને એ આત્મિક દર્શન અને જે દર્શન આત્મામાં ન માને એ નાસ્તિક દર્શન. પરંતુ આ આપણી માન્યતા છે, આ આપણું અનુમાન છે પરંતુ પ્રાચીનકાળના હિન્દુ પરંપરામાં જે દર્શન જગત કર્તા તરીકે ઈશ્વરને સ્વીકારે છે અને વેદોને પ્રમાણ તરીકે માને છે, માન્ય કરે છે તેને જ આત્મિક દર્શન કહેવામાં આવતા. જ્યારે બૌદ્ધ દર્શન અને જૈન દર્શન એ જગત કર્તા તરીકે ઈશ્વરને સ્વીકારતા નથી આપણે ભગવંત મહાવીર અને 24 તીર્થંકર પરમાત્માને આપણે ઈશ્વર તરીકે ભગવંત તરીકે સંબોધિએ છે ખરા, પણ એ 24 એ તીર્થંકરોને જગત કરતા તરીકે માનતા નથી. જૈન દર્શન ની અંદર આ સૃષ્ટિનું સ્વરૂપ અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેવાનું છે આ સૃષ્ટિનો કોઈ કર્તા નથી એમ આ સૃષ્ટિનો કોઈ વિનાશ કરનાર પણ નથી. એટલે આ રીતે કોઈ પ્રમાણ થી કોઈ માહિતી પર નથી આ રીતે જગત કરતા તરીકે ઈશ્વરને બૌદ્ધ ધર્મ અને જૈન દર્શન સ્વીકારતા નથી તે સાથે જૈન દર્શન અને બૌદ્ધ દર્શન વેદોને પ્રમાણ તરીકે માન્ય કરતા નથી. એટલે આ આ રીતે કોઈ બ્રહ્મા નથી કોઈ મહેશ્વર નથી બંને દર્શનો અને ચાર્વાક. ચાર્વાક તો  પહેલેથી જ કોઈ પણ જાતના ઈશ્વર વગેરેમાં માનતું જ નથી. આ એના માટે તો આ આ બહુ મીઠા તો

પરભવ કોણે દીધા અત્યારે જે કંઈ સુખ સાહેબ મળે છે એને ભોગવી લો. પુનઃજન્મ અને આવતા ભવની કોઈ ચિંતા કરવાની નથી. આત્માની કોઈ ચિંતા કરવાની નહીં. એમાં પાપ પુણ્ય જેવું કશું હોતું નથી. તે ચાર્વાક દર્શન સંપૂર્ણપણે નાસ્તિક દર્શન છે પણ આત્મામાં માનનાર જૈન દર્શન અને બૌદ્ધ દર્શન ને પણ હિન્દુ પરંપરા વાળા નાસ્તિક દર્શન તરીકે માને છે. આ રીતે જગત કર્તા તરીકે જૈન દર્શન અને બૌદ્ધ દર્શન દર્શન ઈશ્વરને સ્વીકારતા નથી અને વેદોને પ્રમાણ માનતા નથી માટે એને નાસ્તિક દર્શન કહેવામાં આવે છે. આ રીતે જૈન દર્શનના નિષ્ણાંત જે હોય એને આ છ દર્શન નો અભ્યાસ કરવો આવશ્યક છે.

છ દર્શનમાં પહેલુ બૌદ્ધ દર્શન બતાવ્યું છે એના દેવ તરીકે ગૌતમ બુદ્ધ. બૌદ્ધ દર્શનની અંદર 12 પદાર્થો બતાવવામાં આવ્યા છે અને એના પ્રમાણ તરીકે પ્રત્યક્ષ અનુમાન બતાવવામાં આવ્યું છે. એ પ્રમાણે બૌદ્ધ દર્શનમાં સ્વીકારવામાં આવ્યા છે જ્યારે ન્યાય દર્શન ની અંદર શંકર ને જગત કરતા તરીકે સ્વીકારવામાં આવ્યા છે, 16 પદાર્થોનું નિરૂપણ છે, પ્રત્યક્ષ અનુમાન ઉપમાન અને શબ્દ આ પ્રમાણે ચાર વસ્તુને પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવે છે સાબિતી તરીકે સ્વીકારવામાં આવે છે. સાંખ્ય દર્શન ના કોઈ ઉદ્ધાતા નથી ઈશ્વર તરીકે કોઈ નથી એમાં 25 પદાર્થો આવે છે પ્રત્યક્ષ અનુમાન અને શબ્દ એ ત્રણેને પ્રમાણ તરીકે માન્ય કરેલા છે. યોગદર્શનમાં ઈશ્વરને અકર્તા તરીકે બતાવેલા છે, એમાં પણ 25 પદાર્થો દ્રવ્યોને સ્વીકારવામાં આવ્યા છે પ્રત્યક્ષ અનુમાન શબ્દ ને પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. જૈન દર્શનમાં તેના ઉદ્ધાતા તરીકે વીતરાગ એટલે કે અકર્તાને સ્વીકારવામાં આવ્યા છે એમાં નવ તત્વ એટલે કે નવ પદાર્થો બતાવવામાં આવ્યા છે. પ્રમાણ તરીકે પ્રત્યક્ષ અને પરોક્ષ આ બે પ્રમાણ બતાવવામાં આવ્યા છે પણ એ પ્રત્યક્ષ અને પરોક્ષ બંને દર્શનની અપેક્ષાએ સત્ય કઈ રીતે છે એ આગળ બતાવવામાં આવશે. તેમ છતાં પણ તત્વાર્થ સૂત્રમાં બતાવ્યું છે તે પ્રમાણે જૈન દર્શન પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રમાણ બતાવવામાં આવ્યા છે.વૈશેષિક દર્શન ના દેવ તરીકે શંકર છે જગત કર્તા તરીકે. ત્યાર પછી છ પદાર્થ અને પ્રત્યક્ષ અને પરોક્ષ અનુમાન અને પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. મીમાંસામા વેદ વાક્યને દેવ તરીકે સ્વીકારવામાં આવ્યા છે અને તેમાં આઠ પદાર્થો તથા પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન શબ્દ અર્થોપત્તિ અને અનુપ્લબ્ધી પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. વેદાંત એટલે કે એમાં સગુણ બ્રહ્મને કર્તા તરીકે સ્વીકારવામાં આવ્યા છે. એમાં એક બ્રહ્મ બ્રહ્મા સત્ય જગતમિથ્યા એ એનું સૂત્ર છે.આખા

જગતને માયા સ્વરૂપ માને છે. બ્રહ્મને ને પદાર્થ તરીકે અને મિમાંસા મુજબ પ્રત્યક્ષ અનુમાન ઉપમાન શબ્દ અર્થોપતિ અને અનુપ લબ્ધિ ને પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ચાર્વાક દર્શનમાં પ્રત્યક્ષ હોય એનો જ સ્વીકાર કરવામાં આવે છે. બીજા કશાનો સ્વીકાર કરવામાં આવતો નથી. તો આ રીતે નવ દર્શન બનાવવામાં આવ્યા છે. છ ને હિન્દુ પરંપરા પ્રમાણે આસ્તિક દર્શન તરીકે અને બૌદ્ધ જૈન અને ચાર વાકને નાસ્તિક દર્શન પ્રમાણે બતાવવામાં આવ્યા છે

અહીં ફિલોસોફી માં ચાર માર્ગદર્શનના ઉદગાતા બ્રહસ્પતિ, જૈન દર્શનના ઉદ્ધાતા તરીકે શ્રમણ ભગવંત મહાવીર, સાંખ્યદર્શનમાં કપિલ મુનિ ને બતાવવામાં આવ્યા છે. સિદ્ધાર્થ એટલે કે ગૌતમ બુદ્ધને બૌદ્ધ દર્શન ના ઉદ્ધાતા આ ત્રિપીટક એ બૌદ્ધ દર્શનના શાસ્ત્રો છે.સાંખ્ય દર્શનના ઉદ્ધાતા કપિલ છે અને સાંખ્ય સૂત્ર એનો ગ્રંથ છે. પતંજલિ નું યોગદર્શન છે યોગસૂત્ર એ એનો ગ્રંથ છે. કનાદ એનું વૈશેશિક દર્શન છે અને વૈશેષિક સૂત્ર એનો ગ્રંથ છે. ન્યાય દર્શન- ગૌતમ એના ઉદ્ધાતા છે અને ન્યાય સૂત્ર એમણે બતાવ્યું છે. જૈમીની નું મીમાંસા દર્શન એટલે કે પૂર્વ મીમાંસા છે અને એમનું મિમાંસા ગ્રંથ છે, સૂત્ર છે

બાદરાયણ એનું વેદાંત દર્શન છે અને વેદાંત સૂત્ર એનો ગ્રંથ છે. એમ આ રીતે આ નવ પરંપરા ફિલોસોફીકલ છે. આ નવ પરંપરા નું જ્ઞાન જૈન સાધુઓએ મેળવવું આવશ્યક છે. અને આવશ્યક કેમ છે એ પ્રાચીન કાળ ની વાત છે એ હવે પછીથી બતાવવામાં આવશે.

જૈન દર્શન અને બૌધ દર્શન ને હિન્દુ પરંપરાના છ દર્શનના નિષ્ણાંતો સાથે જગત કર્તા તરીકે ઈશ્વરને સ્વીકારવા કે નહીં, એ વેદોને પ્રમાણ તરીકે માન્ય રાખવા કે નહીં એ અંગે દાયકે કે દાયકે ને સૈકે સૈકે શાસ્ત્રાર્થ થતા રહેતા. તેમાં માત્ર ચાર પ્રમાણના આધારે ચર્ચા થતી એટલે કે તર્કથી દરેક વસ્તુ સાબિત કરવામાં આવતી. અને તર્ક બહુ જ ખતરનાક ચીજ છે. તર્ક એ બહુ જ વિચિત્ર ચીજ છે તર્કથી જે છે તે નથી એવું પણ સિદ્ધ કરી શકાય છે અને જે નથી તે છે એવું પણ સિદ્ધ કરી શકાય છે. ઉદાહરણ તરીકે વકીલો કોર્ટની અંદર વકીલો જ્યારે દલીલ કરે પોતાના અસીલ માટે પોતાનો અસીલ ગુનેગાર હોય તે છતાં એ બિન ગુનેગાર છે એવું એ તર્ક ને આધારે સિદ્ધ કરી બતાવે છે અને પોતાનો ગુનેગાર અને સામો ગુનેગાર સામા વકીલનો અસીલ જે ગુનેગાર નથી એને ગુનેગાર સાબિત કરી બતાવે છે આ રીતે તર્ક એ બહુ

ખતરનાક જીત છે એટલે જૈન દર્શનમાં તર્કને પ્રમાણ તરીકે માન્ય કર્યું નથી એટલે આપણે ત્યાં જૈન દર્શનમાં તર્કાંત પ્રમાન્યમ એમ કહેવામાં આવ્યું છે. તર્ક એ સાબિતી નથી, લોજીક એ સાબિતી નથી. લોજીક દ્વારા તો જે વસ્તુ નથી જેનું અસ્તિત્વ નથી એને પણ સિદ્ધ કરી શકાય છે. જ્યાં વરસાદ પણ ના હોય,કાદવ પણ ના હોય ,વાદળું પણ ના હોય, કોરું ધાકર હોય ત્યાં વરસાદ હતો એમ પણ સાબિત કરી શકાય છે અને જ્યાં ધોધમાર વરસાદ હોય ત્યાં તર્ક દ્વારા વરસાદ બિલકુલ ન હોય એવું પણ સાબિત કરી બતાવાય છે. આ રીતે તર્ક નો જૈન દર્શનમાં વિશેષ મહત્વ છે જ નહીં. એટલે તર્ક ને જૈનદર્શને પ્રમાણ તરીકે માન્ય કર્યું નથી.યાકીની મહત્તરાનું ભગવંત હરીભદ્ર સૂરીજી મહારાજે છ દર્શન ને સમજાવતો ગ્રંથ
ષટ દર્શન સમુચ્ચય લખ્યો છે. એમાં દરેક દર્શનની વિશિષ્ટતા બતાવવા સાથે તેની ખૂબી અને ખામી પણ બતાવી છે. ષટ દર્શન સમુચ્ચય એ હરિભદ્ર સૂરીજી મહારાજનો ગ્રંથ છે અને આ ગ્રંથ લગભગ બધા સાધુએ વાંચવો જ જોઈએ. વિશિષ્ટ પ્રકારે તો નહીં કદાચ પણ સામાન્ય રીતે પણછ દર્શનનું સ્વરૂપ કેવું છે એ સમજવા માટે એનો અભ્યાસ તો કરવો જ જોઈએ. કારણકે અન્ય પરંપરા અને દર્શન સાથે કોઈપણ પ્રકારના વિવાદ કે વાતચીત થાય ચર્ચા થાય ત્યારે એનો જવાબ આપો આવશ્યક બને છે. એટલે જૈન દર્શનના સાધુએ છયે દર્શનનો અભ્યાસ કરવો આવશ્યક છે.

જૈન દર્શનમાં તો એવું કહેવાયું છે કે આ છ એ દર્શન છે એ દર્શન સાપેક્ષ અને સત્ય છે. દાખલા તરીકે બૌદ્ધ દર્શન છે એ આત્માને અનિત્ય માને છે જ્યારે જૈન દર્શન આત્માને માને છે કે અનિત્ય તો કોઈ નિત્ય કરશે તો કોઈ અનિત્ય કહેશે ત્યારે જૈન દર્શન પ્રમાણે આત્માને તે પણ છે અને અનિત્ય પણ છે એટલે નિત્યા નિત્ય કઈ અપેક્ષાએ નિત્ય છે. દ્રવ્ય તરીકે આત્મા નિત્ય છે અને પર્યાય તરીકે આત્મા અનિત્ય છે. આ રીતે સાપેક્ષ રીતે જોવા જઈએ તો આત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. જ્યારે બૌદ્ધ દર્શન આત્માને સંપૂર્ણપણે અનિત્ય માને છે. એ સંસ્કારની પરંપરા સ્વરૂપ માને છે એક રીતે નયની અપેક્ષાએ પર્યાયની દ્રષ્ટિએ સત્ય છે પણ એપ્સીલોટલી એ સત્ય નથી. એટલે આપણે સમજી શકીએ છીએ કે છ એ દર્શનમાં આંશિક રીતે સત્ય છે પણ એપ્સીલોટલી નિષ્પક્ષ નિરપેક્ષ રીતે સત્ય હોતા નથી. આમાં બીજી એક વાત કરવાની કેવળ જ્ઞાની તીર્થંકર પરમાત્મા પણ એ વર્ણન કરે છે વર્ણન સાપેક્ષ હોય છે. કેવળ જ્ઞાની તીર્થંકર પરમાત્મા આગળ બતાવવામાં આવશે એ પ્રમાણે બધું જ જાણે છે,

બધું જ જુએ છે, એ બધું જ કહી શકવાને સમર્થ નથી. એટલે તીર્થંકર પરમાત્મા નું વાક્ય સાપેક્ષ સત્ય હોય છે અને આંશિક સત્ય હોય છે એનો આપણે એ રીતે સ્વીકાર કરવો જોઈએ. અને જૈન દર્શન પર શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે અથવા તો શ્રદ્ધા હોય તો તેને દ્રઢ કરવા માટે એને તાર્કિક રીતે પ્રસ્તુત કરવામાં આવે આ ગ્રંથનું અધ્યયન દરેક સાધુ સાધુ ભગવંતે કરવો આવશ્યક છે એ જ રીતે જૈન દર્શનના પંડિત તરીકે કંઈ પણ ભણાવવા જવું હોય તો પણ એમને આ ગ્રંથ ભણવો આવશ્યક છે. ગ્રંથ ભણવાથી એને છ એ દર્શનના મૂળભૂત તત્વો નું જ્ઞાન થઈ જાય છે. અને જૈન દર્શન સાથે એનું કઈ રીતે સંબંધ છે કઈ રીતે જુદા પડે છે એ બધી જ ચર્ચા એ એમાં જાણી શકે છે એ રીતે આ ષટ દર્શન સમુચ્ચય ગ્રંથ નું અધ્યયન કરવું આવશ્યક છે.એવું અત્યાર સુધી માનવામાં આવતું હતું હવે આજના સમયમાં વિજ્ઞાનની વાત આવશે.

અહીં જ્ઞાનની વાત આવી એટલે અહીં એક જ સૂત્રની અંદર પાંચય જ્ઞાન ને બતાવવામાં આવ્યા. એ પાંચની પાંચેય જ્ઞાનની સાથે આજની પ્રત્યક્ષ માન્યતા આખું જ્ઞાન બતાવવામાં આવ્યું છે અને જ્ઞાન દ્વારા જ એક જ્ઞાનની અંદર જે આધુનિક વિજ્ઞાન છે એ આધુનિક વિજ્ઞાન સમાઈ જાય છે એ આધુનિક વિજ્ઞાન ના બધા જે સૂત્રો છે બતાવવામાં આવ્યા છે એટલે કે આ આત્મજ્ઞાન થકી વિજ્ઞાનની ઉત્પત્તિ થયેલી છે એવું અહીં બતાવવામાં આવ્યું છે.

આજના યુગમાં વિજ્ઞાનનું મહત્વ- વિક્રમ ની સદીના અંત સુધી આ છ એ દર્શનના અભ્યાસને ખૂબ જ મહત્વ માનવામાં આવતું હતું પરંતુ વર્તમાનમાં 21મી સદીમાં છેલ્લા 5030 વર્ષમાં વિજ્ઞાન અને ટેકનોલોજીમાં જે પ્રગતિ થઈ છે અને જે સાધનો વિકસાવ્યા છે તેનો ઉપયોગ મનુષ્ય મનુષ્ય ભૌતિક સુખ સમૃદ્ધિ વધારવા માટે કરે છે. નવી પેઢી વિજ્ઞાનની સિદ્ધિઓથી અંજાઈ ગઈ છે વિજ્ઞાનની વાત કરી પ્રગતિની વાત કરી અને સંશોધનની વાત કરી દીક્ષા થઈ ત્યાં સુધી 12 સાયન્સ ની અંદર એક જ વસ્તુ આવતી હતી આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ કઈ રીતે સાબિત કરવું,કોન્ટમ ફીઝીક્સ એ બધું તો બીએસસી પછી એમએસસી કક્ષામાં આવતું. આજે એ બધી વસ્તુઓ 11 માં 12 માં ધોરણમાં આવતી આવે છે તો એ આ રીતે વિક્રમ ની આ સદીની  અંદર છેલ્લા 50 વર્ષની અંદર વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ખુબજ પ્રગતિ થઇ છે. મેં દીક્ષા લીધી ત્યારે સોશિયલ મીડિયા તરીકે ફક્ત રેડિયો હતો. ટેલિવિઝન પણ મારી દીક્ષા પછી આવ્યું. કોમ્પ્યુટર તો દીક્ષા પછી દસ-બાર વર્ષે આવવ્યું આ રીતે

કોમ્પ્યુટર અને ટીવી એ બધી ટેકનોલોજી છેલ્લા 50 વર્ષની ઉપલબ્ધી છે. જે સાધનો વિકસાવ્યા એનો ઉપયોગ આપણે બધા કરીએ છીએ. નવી પેઢી વિજ્ઞાન ની સિદ્ધિઓથી અંજાઈ ગઈ. તેથી તે દરેક ધાર્મિક પરંપરા અને રીતિ રિવાજો માટે વૈજ્ઞાનિક સાબિતી અને સમજ માંગે છે. તાર્કિક સાબિતી છય દર્શનના ગુરુ ભગવંત તો છે એ લોજિકલ સાબિતી આપી શકે છે એટલે કે તાર્કિક સાબિતી આપી શકે છે. પણ આ તાર્કિક સાબિતીને નવી પેઢી માન્ય કરતી નથી અને એ તાર્કિક સાબિતી સાંભળીને તેના કાન અને મગજ ટેવાઈ ગયા છે તેથી તેને હવે જોઈએ છે વૈજ્ઞાનિક સમજ અને પ્રાયોગિક સાબિતી જોઈએ છે, તે વગર તે કોઈ પણ પ્રકારના ધાર્મિક રીતે રિવાજ જેવા કે પ્રભુ પ્રતિમાંના દર્શન, પૂજા કરવી, મંત્ર જાપ કરવો, સામાયિક પ્રતિક્રમણ, પોંષધ વગેરે કરવા માટે તૈયાર નથી. તે જ કારણે આજના યુગમાં ધર્મ અને દર્શનની પ્રસ્તુતિ વૈજ્ઞાનિક રીતે વૈજ્ઞાનિક પ્રયોગો સાથે કરવી અતિ આવશ્યક છે. પૌરાણિક તર્ક અને દલીલોનો કોઈ અવકાશ નથી. આજના કાળ ની અંદર વિજ્ઞાન એ જ એક જાતનું દર્શન બની ગયું છે. એ આ છ દર્શન કરતા વધારે શક્તિશાળી છે. થોડા વખત પહેલા એમ માનવામાં આવતું હતું વિજ્ઞાન અને ધર્મ એટલે કે દર્શન વિરોધી છે એટલું જ નહીં પણ કેટલાક લોકો એવું કહેતા હતા જેમ જેમ વિજ્ઞાનની પ્રવૃત્તિ થશે ને તેમ તેમ ધર્મનો નાબૂદથશે ધર્મનો હ્રાસ થશે નાબૂદ થશે. એક વખત એવું આવશે કે વિજ્ઞાન જ રહેશે અને ધર્મ દર્શનનો સંપૂર્ણ નાશ થશે પરંતુ આપણે જોઈએ છીએ કે છેલ્લા 50 વર્ષની અંદર વિજ્ઞાનની આટલી પ્રગતિ થઈ છતાં પણ ધર્મ નો નાશ થયો નથી ઉલટું જેમ જેમ વિજ્ઞાનનો પ્રયોગ થયો તેમ તેમ લાગે છે કે વિજ્ઞાનનો વિકાસ થયો તે સાથે ધર્મદર્શન પણ મજબૂત થયું છે. એટલે વિજ્ઞાન અને ધર્મ અને દર્શનના જે સિદ્ધાંત છે એને મજબૂત કરવાનું કામ કર્યું છે.તો આ રીતે ધર્મ દ્વારા દર્શનના જે સિદ્ધાંતો છે એ સિદ્ધાંતોને તર્ક દ્વારા સત્ય સાબિત કરી આપવા આવશ્યક છે. એટલે આજના યુગમાં વિજ્ઞાનનું આ અપૂર્વ મહત્વ છે અને નવી જનરેશન માટે વિજ્ઞાન એ જ સર્વસ્વ છે.

સાયન્સ ઇસ ધ ગ્રેટેસ્ટ ગીફ્ટ ઓફ મેન કાઇન્ડ વિજ્ઞાન એ મનુષ્યમાં જાતિ માટે મોટામાં મોટી ભેટ છે. આપણા જીવનની અંદર આપણે જોઈએ તો સવારથી રાત્રિ સુધી ડગલેને પગલે વૈજ્ઞાનિક ઉપકરણો છે એ સાધનોના આપણે ઉપયોગ કરીએ છીએ. આપણે કોઈપણ રમત કરીએ તો એ રમતમાં પણ વિજ્ઞાન એ આપણી જીવનશૈલીમાં પણ અનિવાર્ય છે એમાં

વિજ્ઞાનનો રોલ બહુ અગત્યનો છે વિજ્ઞાનને આપણને ટેલિવિઝન આપ્યું મોબાઈલ ફોન આપ્યો કોમ્પ્યુટર આપ્યા,લેપટોપ આપ્યા, ઇન્ટરનેટ આપ્યું ,ઈલેક્ટ્રિકલ એપ્લાયન્સ જેમકે પંખા, લાઈટ, વોશિંગ મશીન, રેફ્રિજરેટર ,ગીઝર, ઈસ્ત્રી,હીટર આ સંખ્યાબંધ વસ્તુઓ એટલી બધી એટલી બધી આપી છે કે આપણે બધા એનો આપણે રોજિંદા જીવનની અંદર ડગલેને પગલે ઉપયોગ કરીએ છીએ. અને એટલા માટે જ આજની જે નવી જનરેશન છે વિજ્ઞાન એ જ સત્ય લાગે છે હવે એની સાથે આપણે વિજ્ઞાનની સાથે આપણે ધર્મને જોડવાનું છે અને ધર્મના જે સિદ્ધાંતો છે એને વૈજ્ઞાનિક પદ્ધતિએ સત્ય છે એ સાબિત કરી બતાવવાનું છે.

આપણે ડગલેને પગલે વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરીએ છીએ. દરેક પ્રસંગ કે ઘટના કે પછી રીતિ રિવાજને વૈજ્ઞાનિક અભિગમ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. પ્રાચીનતાના પક્ષ પતિ એવા સાધુ સંન્યાસી પણ આધુનિક વિજ્ઞાન ના વૈજ્ઞાનિક ઉપકરણોને ઉપયોગમાં લે છે આજની નવી પેઢી તો વૈજ્ઞાનિક શોધો એટલી બધી અભિભૂત થઈ ગઈ છે કે તે દરેક બાબતમાં વૈજ્ઞાનિક સાબિતી માંગે છે. ટૂંકમાં વર્તમાન વિજ્ઞાન અને તેની વિવિધ શાખાઓનું શાખાનું સામાન્ય પરિચય સ્વરૂપે પણ જૈન શ્રમણોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવો અત્યંત આવશ્યક છે. અન્યથા નવી પેઢી જૈન દર્શનથી અથવા સાંસ્કૃતિક રીત રિવાજોથી દૂર થશે તો તેના સંપૂર્ણ દોષી શ્રમણ સંઘ અને તેના વડીલ આચાર્ય અથવા ગચ્છાધિપતિઓ રહેશે. એટલે હકીકત એ છે કે વિજ્ઞાન એ આજનું દર્શન છે.એના માટે પરમ પૂજ્ય ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજ ને આજથી 40 વર્ષ ઉપર જ્યારે જૈન દર્શન અને વિજ્ઞાન ઉપર લખવાની શરૂઆત કરી હતી ત્યારે એનો જૈન સમાજમાં અંદરખાને ક્યાંક ક્યાંક વિરોધ પણ થતો હતો. કેટલાક એવી દલીલ કરે છે કે તીર્થંકર પરમાત્માએ કહેલું છે માટે સત્ય છે અને એ સત્ય છે માટે આપણે સ્વીકારી લેવાનું એના માટે સાબિતી ની કોઈ જરૂર નથી સાબિત કરવાની પણ કોઈ જરૂર નથી. અને વિજ્ઞાન અને ધર્મ બે અલગ અલગ ક્ષેત્ર છે અને વિજ્ઞાનને ધર્મ સાથે કોઈ લેવા દેવા નથી અને ધર્મ અને વિજ્ઞાન સાથે કોઈ લેવાદેવા નથી. જેને ધર્મ આરાધના કરવી હોય એ ધર્મ આરાધના કરે અને જેને વિજ્ઞાનમાં રસ હોય એ વિજ્ઞાનનું કરે. એ બંનેને ભેગા કરવાની કોઈ જરૂર નથી એવું માનવામાં આવતું હતું. પણ અત્યારે સાવ ઊલટું થઈ ગયું છે આ અંગે 25 વર્ષ પહેલા 30 વર્ષ પહેલા મારું પુસ્તક જૈન દર્શન વૈજ્ઞાનિક દ્રષ્ટિએ. ત્યારે એના અંગે ઉપાધ્યાય ભુવન ચંદ્રજી મહારાજ એના અંગે અભિપ્રાય આપ્યો હતો. બતાવવામાં આવ્યો

છે મને તમારા કાર્ય માટે માન છે. તમારો વિજ્ઞાન વિષયક અભ્યાસ ઉપર ટપકાનું નથી. તમારી લેખન શૈલી 88 નિષ્ણાંત વર્ગને રૂચી કર છે સૌથી વધુ અભિનંદન તો છે તમારો ઉત્સવ શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રમણ સંઘમાં શ્રી પૂજ્ય શ્રી અમરેન્દ્ર વિજયજી મહારાજે વિજ્ઞાનના અભ્યાસના પગરણ માંડ્યા. તમે એને આગળ વધારી રહ્યા છો એ વાત એ વિશેષ આનંદિત છું વિજ્ઞાન આજનું દર્શન છે ષડ દર્શન કરતા એ તેનો વ્યાપ એનો પડકાર એની ક્ષમતા ક્યાંય વધારે છે શરમણો તેની ઉપેક્ષા કરી શકે નહીં એ સાથે તેઓએ એ પણ કહ્યું કે હવે વિજ્ઞાનના વિષય તરફ નફરત કરવાને બદલે આજના સાધુ સાધ્વીજીના અભ્યાસક્રમમાં વિજ્ઞાનનો વિષય દાખલ કરવો જોઈએ. આવું એમનું પોતાનું મંતવ્ય હતું અને છે અને એ પણ વિજ્ઞાનના હતા.

હવે આ વિજ્ઞાન આજનું નથી આ તો આપણી પાસે ભલે આપણે એમ માનતા હોઈએ છેલ્લા 200 250 300 વર્ષ ની અંદર આ વિજ્ઞાનનો વિકાસ થયો છે અને આ બધી ટેકનોલોજી આવી છે પણ યાદ રાખો આ બધા પ્રાચીન શાસ્ત્રો મૂળ જે સંસ્કૃત,પ્રાકૃત કે અપભ્રંશ ભાષામાં સચવાયેલા છે, એ પ્રાચીન શાસ્ત્રોનો જો અભ્યાસ કરવામાં આવે તો આજના વિજ્ઞાન કરતા પણ ઘણા બધા રહસ્યો આપણને પ્રાપ્ત થઈ શકે એમ છે ટેકનોલોજી પણ આમાંથી આપણને પ્રાપ્ત થઈ શકે એમ છે.

પ્રાચીન કાળમાં પણ વિજ્ઞાન હતું પણ કેટલાક પરદેશી આક્રમણો ના કારણે આપણું અસલ સાહિત્ય નાશ પામ્યું અથવા ઈરાદાપૂર્વક તેનો નાશ કરવામાં આવ્યો તેના વિદ્વાન અને અનુભવી નિષ્ણાંતોનો પણ વધ કરવામાં આવ્યો દાખલા તરીકે પ્રાચીનકાળના વૈધો અને વૈદિક સાહિત્ય અંગેનું જ્ઞાન વાત આવે છે હમણાં જ એક દિલ્હી થી દેવકુમાર નામના એક પ્રોફેસર આવ્યા હતા એમણે વાત કરી કે અરબસ્તાન ની અંદર યવન બાદશાહની માંદગી રોગ આવ્યો અને એ માંદગીના રોગનો ક્યાં કોઈ ઉપચાર કરી શકે એમ નથી. એટલે હિન્દુસ્તાન માંથી વૈદ્યને બોલાવ્યા હતા. વૈદને બોલાવ્યો તો ખરા પણ બાદશાહ એ હિન્દુસ્તાનનો છે અને કાફી છે, નાપાક છે પોતાને સ્વસ્થ કરવાની ના પાડી. નાડી જોવાની પણ ના કહી આ વાત ઘણા વર્ષો પહેલાંની છે પણ એવું આજે પણ બને છે. અત્યારે અમેરિકાની અંદર જો ભારતીય ડોક્ટર હોય તો તો અમેરિકન પ્રજાએ ભારતીય ડોક્ટર પાસે ચિકિત્સા કરાવવા નહીં જાય ના પાડી દેતા હોય છે અમે એટલે શ્વેત અને આ લોકો અશ્વેત

એટલે આ કાળીયાઓની પાસે અમે એની પાસે નહીં કરાવીએ એની પાસે સ્પષ્ટ પણ નહીં કરાવીએ આવો એ લોકોને એક ઘમંડ હોય છે. તો એ રીતે પ્રાચીન કાળમાં પણ યવન બાદશાહ એ પોતાને સ્પષ્ટ કરવાની ના પાડી જોવાની પણ ના પાડી છે દૂરથી હથેળી આંખ જીવ અને મુખાકૃતિ વગેરે અંગોનું નિરીક્ષણ કરી રોગનું નિદાન કર્યું .હવે હિન્દુસ્તાનના વૈધ ની દવા લેવાની પણ એણે ના કરી,તે છેવટે અંતે વૈદે પૂછ્યું આપ નમાજ કેટલી વાર પઢો છો પાંચ વાર પૂછ્યું કુરાન પઢો છો તો કે હા કેવી રીતે પાડો છો એને એની પદ્ધતિ બતાવી. થૂંકથી પાના ફેરવ્યા. ત્યારબાદ વૈધે કહ્યું હું હિન્દુસ્તાન જઈને ત્યાંથી તમારા માટે કુરાન મોકલું છું અને એ કુરાન એકવાર તમારે રોજ વાંચવી. આ રીતે વૈધે યવન બાદશાહ ને માટે કુરાન મોકલ્યું એ જે કુરાન મોકલ્યું એના જે કાગળ હશેકે ભોજપત્ર એના ઉપર એણે પોતાની દવા જે આપવાની છે માઈલ્ડ છંટકાવ કરી દીધો. અને એ દ્વારા એ દવા એના શરીરમાં ગઈ. થોડા દિવસમાં બાદશાહનો રોગ દૂર થઈ ગયો પછી તે યવન બાદશાહ હિન્દુસ્તાન આવીને તેના જેવા બીજા વૈદ્યનો શિરચ્છેદ કર્યો.

આ રીતે પ્રાચીન કાળના આપણે ત્યાં જે શાસ્ત્રો હતા. એની અંદર ઘણું બધું વિજ્ઞાન નિરૂપણ છે માત્ર આપણે વિજ્ઞાનને ઉદ્ઘાટિત કરવાનું છે, લોકો સમક્ષ પ્રસ્તુત કરવાનું છે હમણાં ગયા ચોમાસામાં તરંગવતી તરંગ લોલા એ પાદ્લીપ્તસૂરીજી મહારાજની જે કથા છે એ કથાનું મેં વ્યાખ્યાનમાં વાંચન કરેલું. એ દરમિયાન એક પ્રસંગ એવો આવ્યો કે એ પ્રસંગ ની અંદર કે એની ઉપર ચિંતન કરો તો એ 2000 વર્ષ પહેલા ઈસવીસન ની પાદ્લીપ્તસૂરીજી મહારાજહેલી બીજી શતાબ્દીમાં થયા એટલે કે આ 21 શતાબ્દી ચાલે છે એટલે લગભગ 2000 વર્ષ પહેલા પાદ્લીપ્તસૂરીજી મહારાજ તરંગવતી કથા લખી ત્યારે એ કથા ની અંદર જીનેટીક એન્જિનિયરિંગ એટલે કે જનીન વિજ્ઞાન એ જનીન વિજ્ઞાન વનસ્પતિ સંબંધિત હતું અને જનીન વિજ્ઞાન હતું અને એના દ્વારા વનસ્પતિના વર્ણ,ગંધ રસ અને સ્પર્શ બધામાં પરિવર્તન કરી શકાતું હતું. એના માટે ની વિશિષ્ટ પદ્ધતિઓ હતી એટલે તો એ ધ્વનિ એટલે તો એ જનીનશાસ્ત્ર શાસ્ત્ર ક એટલે કે જીનેટિંગ એન્જિનિયરિંગ વનસ્પતિના સેલ ની અંદર રહેલા ક્રોમોઝોન અને એની અંદર લા ક્રોમોઝોન રંગસૂત્ર અને એની અંદર રહેલા ગુણસુત્ર અને ગુણ સૂત્રની અંદર રહેલા ડીએનએ અને આર એન એ એની જે ફ્રિકવન્સ છે એ સિક્વન્સમાં ચેન્જ કરીને એટલે જીન્સમાં ફેરફાર કરીને અને વનસ્પતિના વર્ણ રંગ ગંધ અને સ્પર્શમાં આ બધું

બદલી શકાતું હતું તો આ રીતે પ્રાચીન કાળમાં પણ આ બધું મજબૂત વિજ્ઞાન તો આપણી પાસે હતું. એ જો આપણે પ્રાચીન શાસ્ત્રનો અભ્યાસ કરીએ તો તો આપણને એ બધું મળી શકે એમ છે તો આ રીતે જૈન દર્શન ની અંદર આજના યુગમાં પણ વિજ્ઞાન તો હતું પણ વિજ્ઞાન એ જે શોધ્યું છે એટલે આજે વિજ્ઞાન સિવાય કોઈને પણ ચાલે એમ નથી પછી એક ગૃહસ્થ હોય કે સાધુ હોય દરેકને માટે વિજ્ઞાન એ બહુ જ મહત્વની ચીજ છે. અને નવી જનરેશનના જૈન દર્શન ઉપર શ્રદ્ધા કરવી હશે અને એને મજબૂત કરવાની હશે તો દરેક વસ્તુનો વૈજ્ઞાનિક સિદ્ધાંત સાથે નિરૂપણ કરવું આવશ્યક છે. એટલા માટે પણ દરેકે વિજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ આવશ્યક છે. પછી એક સાધુ હોય કે ગગૃહસ્થ હોય, દરેકને શાસ્ત્રો સમજવા માટે વિજ્ઞાનની જરૂર પડશે, પડશે, ને પડશે તો આ રીતે આજના યુગમાં વિજ્ઞાનનું ખૂબ જ મહત્વ છે.

****************************************************************************************************